# વસુધૈવ કુટુમ્બકમ્

સૂત્ર ‘વસુધૈવ કુટુમ્બકમ’નો અર્થ છે “પૃથ્વી એક પરિવાર છે”, તમામ મનુષ્યો એક પરિવારના સભ્યો છે. વધારે આગળ જઈને વિચારીએ તો ફક્ત મનુષ્યો જ શા માટે, કુદરતના દરેક જીવો એક પરિવારના સભ્યો છે. નાના માણસોની વિચારસરણી પોતાના વિશે છે અને મોટા માણસોની વિચારસરણી સમગ્ર બ્રહ્માંડ વિશે છે. તેઓ વસુધૈવ કુટુમ્બકમના સિધ્ધાંત મુજબ સમગ્ર જીવમાત્રને પોતાનો પરિવાર માને છે.

વસુધૈવ કુટુમ્બકમ્ આપણને સહિષ્ણુતા કેળવવામાં મદદ કરે છે. તે આપણને અન્ય જીવો સાથે જોડાયેલા રહેવા માટે જ નહીં પરંતુ અન્ય જીવોની માટે વિચારવા પણ પ્રોત્સાહિત કરે છે. આ સિધ્ધાંત આપણને ધર્મ, જાતિ, સમાજ, ગામ, દેશ અને અનેક સીમાઓને પાર કરી એક એકત્વના ધ્યેય તરફ લઈ જાય છે, અદ્વૈતભાવ તરફ લઈ જાય છે.

અદ્વૈતભાવ (non-duality) આપણને દ્વંદ્વોથી પર લઈ જાય છે. અદ્વૈતભાવ એટલે બ્રહ્માંડના સર્વે જીવો મારા છે અને હું સર્વે જીવોનો છું. અદ્વૈતભાવ એટલે બ્રહ્માંડના સર્વે જીવો સાથે મૈત્રી, પ્રેમ, કરૂણા અને અનુકંપા. જ્યાં મારા- તારાનો ભેદ નથી. અદ્વૈતભાવ વિવિધતામાં એકતા લાવે છે.

જીવનમાં એકતા કરાવતું બધું નૈતિક છે, ભેદ જન્માવતું બધું અનૈતિક છે. અદ્વિતિય તેવા એકને જાણવું તે પૂર્ણતા છે.

પ્રેમ અને મૈત્રીભાવની પૂર્ણતા હોય તો કોઈ શત્રુ નથી. પ્રેમ એવું દુર્લભ શિખર છે જ્યાં બેની જગ્યા નથી. નિઃસ્વાર્થ વૃત્તિ પ્રેમને જન્માવે છે અને પ્રેમ અભયતાને. પ્રેમ અને ભય એક સાથે રહી જ ન શકે.

જીવન એ ધર્મનું પ્રથમ પગથિયું છે. આપણી જિંદગી માનવ હોવા અને માનવ બનવા વચ્ચેની યાત્રા છે. માનવનો અવતાર મળવાથી જ કોઈ વ્યક્તિ સાચા અર્થમાં માનવ બની જતી નથી. માનવતા જ માણસને માનવ બનાવે છે. કવિ સુંદરમની આ કાવ્યપંક્તિ ઘણું બધું કહી જાય છેઃ “હું માનવી માનવ થાઉં

તો ઘણું." માણસ ગમે તેટલો ધાર્મિક હોય પરંતુ જો તેના જીવનમાં પ્રેમ અને કરૂણા નથી તો એ ખરો ધર્મ નથી.

મોરારિબાપુ હંમેશા કહે છે કે સૌથી ઊંચી કક્ષાની જીવનની આંતરિક શાંતિ, પ્રસન્નતા, સુખ, હળવાશ અને મધુરતા પ્રેમ અને કરૂણાના વિકાસથી જ આવે છે.

કરૂણા અને પ્રેમ ન તો સિધ્ધાંત છે અને ન તો તત્વ. આ તો ફક્ત અને ફક્ત રસ છે, રુચિ છે, નિઃસ્વાર્થતા છે. મૈત્રી એ દયાળુ પ્રેમ છે, નિઃસ્વાર્થ કરૂણામય પ્રેમ.

પ્રેમમાં કંઈ લેવાની ઈચ્છા નથી, પ્રેમમાં સર્વ સમર્પણની ભાવના થાય છે. મોહ ભોગ માંગ છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે.

આજના ભૌતિકવાદમાં પૈસા અને સગવડની બોલબાલા છે. આજે સંવેદનશીલતા ઓછી થઈ ગઈ છે. ધૃણા, તિરસ્કાર, સ્વાર્થ, કપટ, ક્રોધ, અભિમાન, મોહ, માયા, લોભ વગેરે આપણા સ્વભાવનો ભાગ થઈ ગયો છે. જે આપણી શાંતિ અને પ્રસન્નતા છીનવી લે છે. પ્રખ્યાત સાહિત્યકાર ગુણવંત શાહ લખે છેઃ "ઘણાખરા લોકો જીવનમાં પાંચ કામ કરે છે- ખાવું, પીવું, ઉંઘવું, પ્રજનવું અને ઉત્સર્ગવું."

લોકોને ભયભીત કરવા સહેલા છે, પરંતુ પ્રેમાળ બનાવવા અઘરાં છે. માણસ દુઃખી છે તેનું મૂળ કારણ એ છે કે ધર્મને સાચી રીતે સમજીને જીવનમાં ઉતારી શક્યો નથી. જ્યાં ધર્મ છે ત્યાં પ્રેમ છે, કરૂણા છે. ખીલવું અને ખરવું એ બન્ને હરિ થકી, પરંતુ એ બે વચ્ચે મહેકી જવું એ સ્વભાવ થકી.

છેલ્લે, જેની પાસે ફક્ત સંપત્તિ છે પરંતુ જેના જીવનમાં પ્રેમ, કરૂણા, સંવેદનશીલતા નથી એના માટે કોઈએ સાચું કહ્યું છેઃ "એ માણસ એટલો બધો ગરીબ હતો કે એની પાસે પૈસા સિવાય બીજું કશું જ ન હતું."